ઉત્તરાયણ પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લો બન્યો પતંગોત્સવમય... આકાશ રંગબેરંગી

લોકો ડીજેના તાલે ગરબે જુમ્યા, સાંજે આતશબાજીનો આનંદ

મોડાસા, તા. ૧૫

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ઉજવણીએ કાપ્યો છે.....એ લપેટ...લપેટ..ના નારા સાથે રંગબેરંગી પતંગ આકાશે ચઢાવી પીપુડા,ઢોલ-નગારા અને ડીજે ના તાલે દિવસભર રંગારંગ રંગોત્સવ જાણે આકાશે જામ્યો હોય તેવી ઉલ્લાસભર ઉજવણી કરી હતી ઉત્તરાયણ પર્વમાં દાન નો મહિમા અનેરો હોવાથી બંને જિલ્લાના પ્રજાજનોએ ગાયને લીલો ઘાસચારો ખવડાવાની સાથે જરૂરિયાતમંદ લોકોને કપડા અને અનાજ સહિતનું દાન કરી પુણ્ય કમાવવાનો અહેસાસ અનુભવતા હતા ઉંધીયું,જલેબી,લીલવાની કચોરી ની જયાફત ઉડવાની સાથે બપોર સુધી પવનની મધ્યમ ગતી સાથે પતંગ ચગાવી બપોર બાદ પવનની મંદ ગતી થી પતંગ રસિયાઓએ ગુબ્બારા અને ડીજેના તાલે ડાન્સ સાથે ગરબા રમી આનંદ માણ્યો હતો અવનવા રંગબેરંગી પતંગથી આકાશ રંગીન બન્યું હતું વાસી ઉત્તરાયણ પર્વે અગાસી પર સાઉન્ડ સીસ્ટમ લગાવી અવનવા પતંગ ઉડાવી આનંદભેર બે દિવસ સતત ઉજવણી કરી હતી

મકરસંક્રાંતિ પર્વની દબદબા ભેર ઉજવણી કરવા બંને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો સહીત યુવાવર્ગ પતંગરસિયા, અબાલ વૃદ્ધ સૌ કોઈએ કાયપો છે...લપેટ...લપેટ ના ગગનભેદી અવાજથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું ઉત્તરાયણ પર્વ મનાવવા પતંગરસિયાઓ વહેલી સવારથી જ અગાસી અને ખુલ્લા મેદાનો અને જ્યાં પતંગ ઉડાડવા જગ્યા મળી ત્યાં પતંગ ચગાવતા આકાશ અવનવા રંગબેરંગી પતંગો થી છવાઈ ગયું હતું નાનબાળાકો,યુવાધન, વૃધ્ધો સૌકોઈ ને મનગમતો તહેવાર ઉજવણીના ઉંબરે આવી પહોંચતા આખો દિવસ આકાશી યુદ્ધ ખેલવા અને એકબીજાના પેચ કાપી વહેલી સવારથીજ સાઉન્ડ સીસ્ટમના સુરીલા સંગીત વચ્ચે તલ-સાંકળી,ચીક્કી અને ઉંધીયું જલેબીની અને ફાફડાની મિજબાની સાથે અગાસીઓ પર પરિવારજનો અને મિત્રો સાથે પીપુડાં,ગોગલ્સ,અવનવા કાર્ટૂન માસ્ક ટોપી સાથે સજ્જ બની અગાસી પર ખડકાયેલા જોવા મળ્યા હતા બપોર સુધી પવન મધ્યમ ગતિએ રહેતા પતંગ રસિયાઓ આનંદિત બન્યા હતા બપોર પછી વાયુદેવે રીસામણા લેતા લોકોએ ગુબ્બારા અને ડીજેના તાલે ઉલ્લાસ ભેર ઉજવણી કરી હતી સાંજ થતાની સાથે બંને જિલ્લામાં આતશબાજી અને ફટાકડા ફોડી ઉત્તરાયણ પર્વને વિદાય આપી હતી બંને જિલ્લામાં ચાઈનીઝ અને દેશી બનાવટના તુક્કલો થી આકાશ ઝગમગી ઉઠ્યું હતું

તુક્કલોના પ્રતિબંધનો ફિયાસ્કો : હજારો તુક્કલ આકાશે

રાજ્યના વહીવટી તંત્ર પરિપત્ર પાઠવી આદેશ આપ્યો હોવાથી પોલીસ કમિશ્નર અને જિલ્લા કલેક્ટરે તુક્કલોના વેચાણ પર પ્રતિબંધ હોવાનું જાહેરનામાનો અમલ ફક્ત કાગળિયા પૂરતો રહ્યો હોય તેમ કેટલાક વેપારીઓ દ્વારા હજજારો તુક્કલોનો ગેરકયદેસર વેપલો કરી અને પતંગ રસિયાઓએ તુક્કલ આકાશે ચઢાવી તુક્કલ પર લાગેલા પ્રતિબંધ નો ફિયાસ્કો કર્યો હતો બંને જિલ્લામાં તુક્કલ આકાશે ઝગમગી ઉઠ્યા હતા તદુપરાંત તુક્કલો ચઢાવ્યાના ફોટો ફોટો સોશ્યલ મીડિયા પર વાયરલ કરી જાહેરનામાની રીતસર હવા કાઢી નાખી હતી બંને જિલ્લાના યુવાનો,યુવતીઓ અને રાજકારણ સાથે જોડાયેલા લોકોએ બિન્દાસ્ત તુક્કલો સાથે ફોટો અને લાઈવ વિડિઓ અપલોડ કરી જાહેરનામાની મજાક ઉડાડતા હોય તેમ અટ્ટહાસ્ય સાથે જોવા મળ્યા હતા.

શેઠ શ્રી ટી. પી. હાઈસ્કૂલ, માલણ અને બનાસકાંઠાનું ગૌરવ

ડીસા, તા. ૧૫

'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' આ ઉક્તિને શેઠશ્રી ટી.પી.હાઈસ્કૂલ, માલણના વિદ્યાર્થી રમેશભાઈ બેચરભાઈ દેસાઈએ સાબિત કરી બતાવી છે. સુમેરુ જૈનતીર્થ, મિયાગામ, તાલુકો કરજણ, જિલ્લો-વડોદરા મુકામે જીસીઈઆરટી,ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,વડોદરા દ્વારા તા.૮,૯,૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન યોજાયેલ રાજય કક્ષાના કલા મહોત્સવમાં શેઠશ્રી ટી. પી. હાઈસ્કૂલ, માલણમાં ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા રબારી રમેશભાઈ બેચરભાઈએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.અને જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી રાજ્યકક્ષાએ ભાગ લઈ શ્રેષ્ઠ દેખાવ કરી વિજેતા બની શાળા, પાલનપુર તાલુકા તેમજ સમગ્ર બનાસકાંઠા જિલ્લાનું રાજયભરમાં નામ રોશન કર્યું છે. રાજય કક્ષાની સ્પર્ધામાં પુજય ગાંધી બાપુની ૧૫૦ મી જન્મજયંતીના અનુસંધાનમાં "મને આવેલું ગાંધીજીનું સ્વપ્ન" વિષય પર સુંદર વક્તવ્ય આપી વિજેતા બન્યા હતા. આ વિદ્યાર્થીને ૧૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર, ઈનામ તેમજ શિલ્ડ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું. માર્ગદર્શન આપનાર શાળાના તમામ શિક્ષકો અને એના માર્ગદર્શકને અભિનંદન.શાળાના આચાર્ય ડૉ. રાજેશ પ્રજાપતિ તથા તમામ સ્ટાફમિત્રોએ શાળાના ગૌરવ સમા વિદ્યાર્થીને ખૂબ ખૂબ બિરદાવ્યો હતો.

સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા આદિવાસી વિસ્તારના બાળકોને સ્વેટર વિતરણ

જ્યોર્જીયા (અમેરિકા) સ્થિતિ એન.આર.આઈ ચેતનાબેન ગીરીશભાઈ પટેલએ સોસીયલ મીડિયા પર સદભાવના ગ્રુપની સેવાકીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઇ સદભાવના ગ્રુપના સહયોગથી સ્વેટર વિતરણ કર્યું

પાલનપુર, તા. ૧૫

સતત નિતનવા સેવાકીય કાર્યો કરી યુવાનોને સદ્કાર્ય કરવા માટે પ્રેરતા એવા સદભાવના ગ્રુપના કાર્યોને સોસીયલ મીડિયા પર જોઈ તેમના સેવાકીય કાર્યોથી પ્રભાવિત થઇ હાલમાં જ્યોર્જીયા (અમેરિકા) સ્થિત ચેતનાબેન ગીરીશભાઈ પટેલે હરેશભાઈ ચૌધરીનો સંપર્ક કરી સદભાવના ગ્રુપના માધ્યમથી માતૃભુમીનું ઋણ અદા કરવા જરૂરીયાતમંદ લોકોની મદદ કરવાનું વિચાર્યું હતું. અમેરિકાથી તેમને ભારત વતન આવવાનું હોઈ તેમની ઉપસ્થિતિમાં હાથીદરા નજીક આવેલા વગદડી ગામની શાળામાં ભણતા આજુબાજુના દરેક ગામના જરૂરિયાતમંદ બાળકોને આજ તા ૧૩/૦૧/ ૨૦૨૦ સોમવારના રોજ સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.

આજ રોજ આ સ્વેટર વિતરણ કાર્યક્રમ બાદ સદભાવના ગ્રુપના હરેશભાઈ ચૌધરીએ અન્ય યુવાનોને અને સેવાભાવી સંસ્થાઓને આ વિસ્તારના જરૂરીયાતમંદ બાળકો કે જે કે આવી કડકડતી ઠંડીમાં પણ ખુલ્લા પગે અને અપૂરતા કપડામાં શાળાએ આવે છે એમણે ઠંડીથી બચવા માટે જરૂરી ગરમ કપડા મળી રહે એ માટે મદદે આવવાની અપીલ કરી છે.

આ કાર્યક્રમમાં સદભાવના ગ્રુપના હરેશભાઈ ચૌધરી,એન.આર.ઈ શ્રી ગીરીશભાઈ પટેલ તથા ચેતનાબેન પટેલ,સોહાનભાઈ બોરવાલ તથા સદભાવના ગ્રુપના સૌ યુવાન મિત્રો હાજર રહ્યા હતા.

સાયરાની યુવતીના મોત મામલે ડીએસપી અને પી.આઈ.ને બદલવા ઉગ્ર માંગ

સાસંદ મધુસૂદન મિસ્ત્રીએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો

મોડાસા, તા. ૧૫

મોડાસાના સાયરા(અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ,દુષ્કર્મ અને હત્યાની ઘટના પછી સમગ્ર ગુજરાતમાં ઘટનાના ભારે પડઘા પડી રહ્યા છે 'નિર્ભયા' કાંડને અંજામ આપનાર ચાર આરોપીઓ માંથી ૩ આરોપીઓએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કર્યું હતું જેમાં બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કર્યુ હતું જ્યારે સતીષ ભરવાડ નામનો આરોપી હજુ પણ ફરાર છે. સમગ્ર ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડી રહ્યા છે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીએ મૃતક યુવતીના પરિવારજનોની મુલાકાત લઈ શ્રદ્ધાંજલિ અર્પી હતી સમગ્ર ઘટનામાં મધુસુદન મિસ્ત્રીએ અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની શંકાસ્પદ કામગીરી સામે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ અને મોડાસા ટાઉન પીઆઈ એન.કે.રબારીની અન્ય જિલ્લામાં બદલી કરવામાં આવે અને તટસ્થ તપાસની માંગ કરવામાં આવી છે.



MADHUSUDAN MISTRY
MEMBER OF PARLIAMENT
(RAJYA SABHA)

Post Bag No. 1
P.O. Gandhi Ashram
Ahmedabad-380027
M. : 09013181052

સી.જી. રોડ, કૃષ્ણ બંગલોઝ ખાતે પોલીસ તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. જૂનાગઢ પોલીસકાંડનું વર્તન પણ આ કેસોની તપાસમાં સમયે તેમને ધમકાવવાનું તેમજ એક સત્તાધારી અધિકારી તરીકેનું ઉધ્ધતાઇ ભર્યું રહ્યું હતું તેવું તેમણે મને જણાવેલ હતું.

છેક પાંચમા દિવસે આ કાલ્પનિકની લાશ ઝાડ પર લટકાવવામાં આવેલી મળી ત્યારબાદ તેમની એફ.આર.આઇ. નોંધવામાં આવી હતી. પોલીસ આરોપીઓને ત્યારબાદ પણ ત્રણ ચાર દિવસ સુધી પકડી શકી નહોતી અને છેક ૮મી તારીખની સાંજે ચારમાંથી ત્રણ આરોપીઓએ પોલીસ સ્ટેશનમાં સાંજે શરણાગતી સ્વીકારીને હાજર થયા હતા. તે પૈકી હજુ એક આરોપી પકડવાનો બાકી છે, આ આરોપીઓ આ ગાળા દરમ્યાનમાં અન્ય કોઈ જગ્યાએ હતા તેવી એલ.ઈ.બી, ઉભી કરવાના પ્રયત્નો કરતા હોવાનું પણ જાણવા મળ્યું છે.

મોડાસા ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર જેમની આજે આજ જિલ્લાના ઈસરી પોલીસ સ્ટેશનમાં બદલી કરાઇ છે તેવું મેં છાપામાં આજે વા ચ્યું છે તેમની વર્તણૂક તેમની કોમના આરોપીઓના બચાવ કરવાની હોય તેવું દેખાઇ રહયું છે. આજ જિલ્લાના નજીકના પોલીસ સ્ટેશનમાં તેમની બદલી કરવા થી તેવો ઓ સમગ્ર બનાવમાં હસ્તક્ષેપ નહીં કરે તેવું માની લેવુ ઘણું અઘરું છે. તેથી તેમને ત્યાથી પણ હટાવીને સૌરાષ્ટ્ર કે દક્ષિણ ગુજરાતના અન્ય જીલ્લામાં મૂકવા જોઈએ એવું મને લાગે છે. જીલ્લા વડા પોલીસ અધિકારી પણ આ બાબતમાં પોતાના સ્ટાફના માણસોને બચાવવા પડેલા હોય તેવું સ્પષ્ટ દેખાઇ રહ્યું છે, અને તેથી જીલ્લા પોલીસ વડાને પણ ત્યાંથી ખસેડવાની હું માંગણી કરું છું. મારી દ્રષ્ટીએ એક દલિત દિકરીને ધોળા દિવસે અપહરણ કરી, તેના પર દુષ્કર્મ ગુજારી. તેની હત્યા કરી અને તેની લાશને ગામની સીમમાં ઝાડ પર લટકાવવાનું કૃત્ય જઘન્ય છે, અને જેમ હંમેશા આવા કેસોમાં બને છે તેમ તે અંગેના પુરાવાઓનો નાશ કરવાનો, મેડિકલ રીપોર્ટ કરતા ડોક્ટર પર લાગવગ કરવાનો હંમેશા બનતું હોય છે. આમ માત્ર ને માત્ર મોડાસા ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર પોતાની જાતને અપહરણ કરનારાઓની નજીકની જાતિના હોવાથી તેમને બચાવવાનો અને જીલ્લા પોલીસ વડાની આ સમગ્ર તપાસમાં રહેલી બેદરકારીને ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન છે, આપના વડપણ હેઠળના ગુજરાતમાં આવો બનાવ બને તે આ રાજ્યને અને આપની નેતાગિરી અને પ્રતિષ્ઠાને હાની પહોચાડનારું છે. આપને મારી વિનંતી છે કે આપના તાબા હેઠળના પોલીસ તંત્રને અને તેમાં ચાલતા આ જાતિવાદ અને ભ્રષ્ટાચારને સખત હાથે દાબી દઇ આપ પ્રજાને પોલીસ તંત્ર નિષ્પક્ષ છે. એવી પ્રતીતી કરાવશો તેવી માંગ કરી હતી

રાજ્ય સભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીએ મુખ્યમંત્રી વિજય રૂપાણીના લખેલ પત્રમાં જણાવ્યું છે કે સાયરા (અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવાન દિકરીના મત્યુ માટે સમાજના અને સગા સંબંધી લોકો ખૂબ આક્રંદ કરતા હતાં અને તેમનામાં ભારોભાર રોષ હતી અને તેનું અપહરણ કરનારાઓ, તેના પર દુષ્કર્મ ગુજારી હત્યા કરનારાઓને ફાંસીની સજા થાય તે અંગેની માંગણી કરતા હતા અને તેણીને ન્યાય મળે તેવા સૂત્રો ચ્યાર કરતાં હતાં, ઓ ભારે હૃદયદ્રાવક દર્શ્યો હતાં

મોડાસા ટાઉન પોલીસની આ સમગ્ર બનાવમાં કામગિરી સંદિગ્ધ રહી છે તેવો તેમનો આક્ષેપ હતો .યુવતીના સગા ઓએ અપહરણ થયાના તરતજ બીજા દિવસે પોલીસને આ બનાવની જાણ કરી હતી. જે કારમાં અપહરણ થયુ તેનો નંબર, અપહરણ કરનારનું નામ અને તે અંગેના સી. સી. ટી. વી. ફૂટેજ પોલીસ ઇન્સ્પેક્ટર અને અન્ય પોલીસ અધિકારીને આપ્યા છતાં તેમની ફરિયાદ લેવામાં આવી નહોતી અને યુવતીની શોધખોળ કરવામાં આવી નહોતી અને ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટરે તેમના સંબંધીઓને જણાવેલ કે તમારી દિકરી સહી સલામત છે અને એ ક બે દિવસમાં તે આવી જશે. ગુમ થયાને ચાર ચાર દિવસ પછી પણ અને અપહરણ કરનારાઓના નામ આપ્યા છતાં, તે અંગેના સી. સી. ટી. વી. ફૂટેજ બતાવ્યા છતાં પોલીસ તરફથી કોઇ કાર્યવાહી કરવા માં આવી નહોતી.

જીલ્લા પોલીસવડા મયુર પાટીલનું વર્તન પણ

વિશ્વાસ ગૃપના પ્રદીપ કટારીયા - નિકુંજ ગોમતીવાલ દ્વારા જન્મદિવસની અનોખી ઉજવણી કરાઈ

વડગામ, તા. ૧૫

બનાસકાંઠા જીલ્લા ના સૌથી અંતરિયાળ વિસ્તારમાનું એક પ્રકૃતિના સાનિધ્યમાં વસેલું અમીરગઢ તાલુકા નુ ખાટીચીતરા કે જયાં પર્વતીય વિસ્તાર હોવાથી એ વિસ્તારનાં ટાંચા વાહનો તથા પગપાળા જવા સિવાય જવું શકય નથી એવી જગ્યાએ લોકસારથી ફાઉન્ડેશન દ્વારા શિક્ષણનુ પ્રેરક કાર્ય ચાલે છે, ત્યાં વિશ્વાસ ગ્રૂપ દ્વારા પ્રદીપભાઈ કટારિયા તથા નિકુંજ ગોમતીવાલ આ બન્ને મિત્રો એ પોતાના જન્મ દિવસ નિમિત્તે આ વિસ્તાર ના બાળકોને પ્રિતીભોજન તથા ઉતરાયણ નો તહેવાર હોય પતંગ દોરી તથા અન્ય મિત્રો અશ્વિન શ્રીમાળી, કમલેશ આચાર્ય તથા વિનોદ શ્રીમાળી દ્વારા મમરાના લાડુ,ચીકી તથા અન્ય શૈક્ષણિક સામગ્રીનુ વિતરણ કરી જનસેવા તથા શિક્ષણના પ્રેરક કાર્યનુ ઉતમ ઉદાહરણ પુરુ પાડેલ છે, આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના, સ્વામી વિવેકાનંદ બનાસકાંઠા સંયોજક ગૌરાંગ પાધ્યા, દેવેન રાવલ, રૂપેશ ગુપ્તા, રાજુભાઈ પરમાર, રજનીભાઈ, જગદિશભાઈ શ્રીમાળી, ભાનુભાઈ કટારિયા,મુકુલ કટારિયા, રમેશ લાલપુરા,નરેશ કરેણ, મહીપેન્દ્રસિહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લોકસારથી ફાઉન્ડેશન દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી

ડીસામાં પતંગ દોરીથી ઘવાયેલા ૭૦ પક્ષીઓને જીવતદાન

ડીસા, તા. ૧૫

ઉતરાયણ આવતાની સાથે સમગ્ર આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે પરંતુ પતંગ રસિકોની આ ક્ષણિક મજા પક્ષીઓ માટે મોતની સજા બની રહી છે કાતિલ દોરાના કારણે ખુલ્લા આકાશમાં વિહરતા અનેક પક્ષીઓની પાંખ કપાઈ જતા મોતને ભેટતા હોય છે ત્યારે છેલ્લા દસ વર્ષ થી ડીસામાં અખિલ ભારતીય શ્રી રાજેન્દ્ર જૈન તરુણ પરિસદના યુવાનો આવા ઘાયલ પક્ષીઓને બચાવવાની ઉમદા કામગીરી કરી રહયા છે ઉતરાયણ દરમિયાનના દિવસોમાં એક કોલ દ્વારા આવા પાંખ કપાયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર આપવાનું સરાહનીય કાર્ય કરે છે છેલ્લા દસ વર્ષ થી પક્ષી બચાવવાનું કામ કરતી આ સંસ્થા દ્વારા આ વર્ષે સમડી, કબૂતર, પોપટ, બાજ સહિતના ઘવાયેલા ૭૦ પક્ષીઓને બચાવી સારવાર આપી નવુજીવન આપ્યું છે ડીસા માં આ પરિસદ સાથે જોડાયેલા યશ, તાત્પાર્થ, આગમ, ચૈત્ય, સંયમ દ્વારા આ સરાહનીય જીવદયાનું કામ કરવામાંમાં દિવસ રાત એક કરી અબોલ એવા પક્ષીઓને નવજીવન આપ્યું હતું. તેમની જીવદયાને આજની સલામ.

અંબાજીમાં ઉતરાયણ નિમિત્તે અંબાજી મંદિરને પતંગોથી શણગારાયુ

અંબાજી, તા. ૧૫

શકિત ભકિત અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે શકિતપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પર અરાવલી પહાડોમાં સરસ્વતી નદીના કિનારે આવેલ છે અંબાજી મંદિર પર ૩૫૮ સૂવર્ણ કળશ લાગેલા હોઈ મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે જગવિખ્યાત છે.

ઉતરાયણ ના દિવસે અંબાજી મંદિરને રંગબેરંગી પતંગોથી શણગારવામાં આવ્યું હતું.સાથે નૃત્ય મંડપ અને ગર્ભગૃહ સહિતના વિવિધ ભાગો ને પતંગો થી શણગારવામાં આવ્યું હતું.અંબાજી મંદિરમાં માતાજીના દર્શન કરવા આવતા ભકતોએ માતાજીના મંદિરમાં રંગબેરંગી પતંગો જોઈ ખૂશ થઈ ગયા હતા અંબાજી મંદિરમાં આ વખતે અંદાજે ૨૦૧ પતંગોથી મંદિરનું ગર્ભગૃહને શણગારવામાં આવ્યું હતું.ઉતરાયણના દિવસે અંબાજી મંદિરમાં માઈ ભકતોની સાથે અંબાજીની જનતા પણ દર્શન કર્યા હતા.

પત્રકાર એસોસિએશન દ્વારા છેલ્લા ચાર વર્ષથી ધાનેરા તાલુકાના એડાલ ગામની પ્રાથમિક શાળામાં બાળકોને પતંગ દોરી તેમજ નાસ્તાનું આયોજન કરવામાં આવે છે ઉત્તરાયણ ના પહેલા શાળાના તમામ બાળકોને પતંગ દોરી તેમ જ નાસ્તો આપી તેમની સાથે આખો દિવસ ઉતરાયણના પર્વની ઉજવણી કરવામાં આવે છે ત્યારે આ વર્ષે વધુ પડતી ઠંડી ને લઇ પત્રકારે સોશિયલ તેમજ અન્ય લોકો દ્વારા આ શાળાના બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું પત્રકાર એસોસિયન સાથે સાથે ધાનેરાની જ્યોતિ હોસ્પિટલના ડોક્ટર જ્યોતિબેન લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ રમેશભાઈ ઠક્કર સહિત અનેક લોકો આ ધાર્મિક કાર્યમાં જોડાયા હતા અને બાળકોને સ્વેટર આપ્યા હતા તો બીજી તરફ બાળકોને સ્વેટર તેમ જ પતંગ મળતા બાળકોના ચહેરા ખુશીથી ઝુમી ઉઠયા હતા ત્યારે આ કાર્યક્રમને લઇ ગામના સરપંચ ગ્રામજનો તેમજ શાળાના સ્ટાફ સાથે તમામ લોકોનો આભાર માન્યો હતો.

શ્રી રામચંદ સ્વરાજ હોસ્પિટલ ધાનેરા ખાતે નિઃસંતાન દંપતિ કેમ્પનું આયોજન

ધાનેરા, તા. ૧૫

ધાનેરા ખાતે શ્રી રામચંદ સ્વરાજ હોસ્પિટલ ખાતે તારીખ ૧૨/ ૧/ ૨૦૨૦ ના રવિવારે શ્રી રામચંદ સ્વરાજ હોસ્પિટલના ટ્રસ્ટી શ્રી હરિભાઈ રામચંદ્ર શાહ તેમજ શૈલેષભાઈ મોરખીયા તથા રામભાઈ સોની ના માર્ગદર્શન હેઠળ નવઃદંપતી કેમ્પનું આયોજન કરાયું આઈ.વી.એફ સ્પેશિયલિસ્ટ દ્વારા નવઃદંપતીઓને માર્ગદર્શન તેમજ સારવાર આપી હતી આ પ્રસંગે ૬૦ થી ૭૦ જેટલા નિસંતાન દંપતીઓ એ માર્ગદર્શન તેમજ સારવાર લીધી હતી અમદાવાદના શ્રી ડોક્ટર ચિરાગભાઈ પરીખ દ્વારા નિઃસંતાન દંપતીના અલગ અલગ પ્રકારની તકલીફો જેવા કે લગ્નના ત્રણ થી ચાર વર્ષ પછી પણ સંતાન ન થવું, પુરુષ અને સ્ત્રી કોઈ પણ નસબંધી કરી હોય ,પુરુષના વીર્યમાં શુક્રાણુ ઓ ની અલ્પતા,

ગર્ભાશયમાં ગાંઠ હોઈ, તેમજ અલગ અલગ પ્રકારના તકલીફો વાળા નવદંપતી એ સારવાર સાથે માર્ગદર્શન પણ મેળવ્યું હતું આ પ્રસંગે શ્રી રામચંદ સ્વરાજ હોસ્પિટલમા આમ મોટી સંખ્યામાં ગરીબ લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજના સાંપડ ખાતે ખેતરોમાં તૈયાર થયેલ ફલાવરનો દોડ વિઘાનો ધરૂની ચોરી

ધરૂ ની ચોરી થતા ખેડૂત દ્વારા પોલીસ ફરીયાદ થઇ : અંદાજે ૧૫૦૦૦ રૂપિયાના ફલાવરના ધરૂની ચોરી

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના સાંપડ ખાતે ખેતરોમાં તૈયાર થયેલ દોડ વિગા નો ફલાવર ના ધરૂની કોઇ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી લઇ જતા ખેડૂત દ્વારા પોલીસ ફરીયાદ થઇ.

પ્રાંતિજ ના સાંપડ ખાતે રહેતા જયેશ કુમાર પ્રભુદાસ ભાઈ પટેલ કે જેવો પોતે ખેતી કરે છે અને તેવો મુખ્યત્વે શાકભાજી ની ખેતી કરે છે અને સાંપડ ગામની સીમમાં આવેલ પોતાની જમીન માં તેવોએ ફલાવર નો ધરૂ તૈયાર કર્યો હતો અને ગઇ રાત્રી એ જયેશભાઈ ના ખેતરમાંથી તૈયાર થયેલ ફલાવર નો ધરૂ કોઇ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી ધરૂ ઉપાડી ને લઇ ગયાં હતાં અને રોજ ના નિયત સમયે જયેશભાઈ ખેતર મા તૈયાર થયેલ ધરૂ ખેતરોમાં ના દેખાતા તેમણા પગ નીચે થી ધરતી ખસી ગઈ હતી અને તેમણે ખબર પડી કે ધરૂ ની ચોરી થઇ છે તો ખેડૂત જયેશભાઈ દ્વારા પોતાના ખેતરમાં ૨૦ પેકેટ ફલાવર નો ધરૂ ઉછેરવામાં આવ્યો હતો અને તૈયાર થયેલ અંદાજે ૧૫૦૦૦ નો ધરૂ કોઇ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરી ધરૂ ઉપાડી લઇ જતાં ખેડૂત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં અજાણ્યા ધરૂ ચોર વિરૂધ્ધ ફરીયાદ કરી હતી તો પ્રાંતિજ પોલીસે ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી હતી .